જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૮/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૭ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩૬ બિયર ટીન, ૦૨ કાર અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૦૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૪૩/૨૦૨૬**

રામોલઃ પ્રેમ સુરેશ ઠાકુર (ઉ.વ.૨૮)(હાલ રહે.રાજવિહાર સોસાયટી બાલાજીનગર પુને ઘનકવરી મહારાષ્ટ્ર મુળ વતન.ગામ–નરતા તા.જી–ભિનમાલ રાજસ્થાન) એ તા.૧૭/૦૮/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી તા.૧૬/૦૭/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મહારાષ્ટ્ર પુને પંચમની હોટલથી અમદાવાદ સીટીએમ ખાતે આવેલ “શ્રી પટેલ” ટ્રાવેલ્સની ઓફીસ સુધી રસ્તામાં કોઈપણ જગ્યાએ આરોપી ચીરાગ રાજપુત (મોબાઈલ નંબર ૭૬૨૧૯૬૬૮૧૭) નામથી રજીસ્ટ્રેશન કરેલ સીટ ઉપર બેસેલ ગજેન્દ્રસિંગ સેતાનસિંગ રાજપુત (રહે.રાયકાનગર હીંમતનગર) નાઓએ “શ્રી પટેલ” ટ્રાવેલ્સમાં ડ્રાઈવર અને કલીનરની નજર ચુકવી પ્રેમ ઠાકુરએ લોડ કરેલ એપલ કંપનીના અલગ–અલગ મોડેલના મોબાઈલ ફોન નંગ–૧૪ કુલ કિંમત રૂપિયા ૧૦,૭૦,૭૦૦/– મતાના ભરેલ પાર્સલમાંથી તમામ મોબાઈલ ચોરી કરી લઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૪/૨૦૨૬**

ગાયકવાડ હવેલીઃ જશોદાબહેન વા/ઓ લક્ષ્મણભાઇ સોલંકી (ઉ.વ.૬૩)(રહે. સરદાર હેલ્થ ક્વાર્ટર્સ, જમાલપુર શાકમાર્કેટ પાસે, જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૬ બપોરના ૧/૧૫ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન જમાલપુર શાકમાર્કેટ ગેટ નંબર–૦૩ પાસે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષએ ભેગામળી જશોદાબહેનના ગળામાં પહેરેલ સોનાનો પેન્ડલ સહિતનો દોરો કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦ /– મતાનો ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.કોડીયાતર ચલાવે છે.

સાપ કરડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૫/૨૦૨૬**

સરખેજઃ સરખેજ ઘેલજીપુરા ગામ સિધ્ધી વિલાના બંગલાની લેબર કોલોનીના કાચા છાપારામાં રહેતા મોનિકા ડો/ઓ ભુરસિંગભાઇ પારગી (ઉ.વ.૧૬) (મુળ વતન. ભીમપુરી તા–ઝાલોદ જી–દાહોદ) નાઓને તા.૧૭/૦૮/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે સાપ કરડી જતા સારવાર અર્થે તેમને સાણંદ સી.એચ.સી.હોસ્પિટલના સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જતા સવારના ૮/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.ચૌધરી ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૬/૨૦૨૬**

સરખેજઃ તોસીફ રાજા સ/ઓ નુરઆલમ શેખ (ઉ.વ.૩૦)(રહે.સનાથલ બ્રીજ નીચે આવેલ મજુર કોલોની સરખેજ) તા.૧૭/૦૮/૨૦૨૬ સવારના ૮/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સરખેજ સનાથલ બ્રીજ નીચે ઇલેક્ટ્રીક પોલ નં.૨૬/૪ થી ૨૬/૩ વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતિક્ષાબહેન રાજેશભાઇ ચલાવે છે

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૭/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ અનિલ શાંતીલાલ લોહાર (ઉ.વ.૩૧)(રહે. સીમંધર હોમ્સ વંદે માતરમ સીટી આઇ.સી.બી. પાર્ક પાસે, ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૬ કલાક ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

દાણીલીમડાઃ અબ્દુલરીઝવાન અબ્દુલગફાર શેખ (ઉ.વ.૩૪)(રહે. એમ.એસ. ડૂપ્લેક્ષ, બીજો માળ, ચેતનેશ્વર મહાદેવ મંદીરની બાજૂમાં, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતનાં હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન મનાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી